પેજ 3

## અર્જુન રામપાલે લાંબા સમયની પાર્ટનર ગેબ્રિએલા ડેમેટ્રિએડ્સ સાથે સગાઇ કરી



મુંબઈ, તા. 14 : અભિનેતા અર્જુન રામપાલે ચૂપચાપ સગાઈ કરી લીધી છે અને તે પણ રામપાલ શૈલીમાં. અભિનેતાએ રિયા ચક્રવર્તીના પોડકાસ્ટ પર વાતચીત દરમિયાન લાંબા સમયની પાર્ટનર ગેબ્રિએલા ડેમેટ્રિએડ્સ સાથે તેની સગાઈની પુષ્ટિ કરી હતી, જ્યાં લગ્નની ચર્ચા કરતાં જ મોટો ખુલાસો કર્યો. કોઈ ભવ્ય જાહેરાત નહીં, કોઈ ગોઠવણવાળી ક્ષણ નહીં, ફક્ત એક આત્મીય કબૂલાત જેણે તરત જ ઇન્ટરનેટનું ધ્યાન ખેંચ્યું. પોડકાસ્ટ ટ્રેલરમાં સગાઈની ક્ષણની એક ઝલક જોવા મળી, જેનું કેપ્શન હતું, ''શહેરના સૌથી કૂલ કપલ ગેબ્રિએલા ડેમેટ્રિએડ્સ અને રામપાલને અભિનંદન.'' ગેબ્રિએલા પ્રેમ વિશે વાત કરતાં સાંભળી શકાય છે, તેણીએ કહ્યું, ''પ્રેમ શરતો સાથે આવે છે. જો વ્યક્તિ ચોક્કસ રીતે વર્તે છે તો મારી મંજૂરી અથવા પ્રેમ મળે છે.''

## 'ઇક્કીસ'ના સેટ પરથી ધર્મેન્દ્રનો છેલ્લા દિવસનો વીડિયો વાયરલ, 'ભુલ થઇ હોય તો માફ કરજો'



મુંબઈ, તા. 14 : ધર્મેન્દ્રના નિધનનું દુ:ખ હૃદયમાં એટલું ઊંડું છે કે તેમનું નામ સાંભળતાં જ આપણી આંખોમાં આંસુ આવી જાય છે. કદાચ અભિનેતાના દરેક ચાહક આ લાગણી અનુભવતા હશે. ધર્મેન્દ્રનું 24 નવેમ્બરના રોજ અવસાન થયું હતું. તે દિવસે તેમણે પોતાના પરિવાર અને ચાહકોને શોકમાં છોડી દીધા. તેઓ તેમની છેલ્લી ફિલ્મ 'ઇક્કીસ' જોવાનું પણ પૂરું કરી શક્યા નહીં. આ વાતનો ખુલાસો ખુદ દિગ્દર્શક શ્રીરામ રાઘવને કર્યો હતો. 'ઇક્કીસ' હવે 25 ડિસેમ્બરે સિનેમાઘરોમાં રિલીઝ થશે. આ છેલ્લી ફિલ્મ છે જેમાં ધર્મેન્દ્ર દેખાશે. આ દરમિયાન, એક વીડિયો સામે આવ્યો છે જે ચાહકોને ભાવનાત્મક રીતે હચમચાવી નાખે છે. તેમાં, ધર્મેન્દ્ર બધાની માફી માંગતા જોવા મળે છે, કહે છે, ''જો મારાથી કોઈ ભૂલ થઈ હોય તો મને માફ કરજો.''



## કુદરતની વિરાટતા સામે વામણો લાગતો માનવી

વર્લ્ડ સર્ફ લીગ બિગ વેવ ચેલેન્જ સેશન દરમિયાન બ્રાઝિલના જોઆઓ ચિઆન્કા મોજા પર સવારી કરી હતી. જો કે આ સ્પર્ધા દરમિયાન પોર્ટુગલના નાઝારેમાં જે મોજું આવ્યું તે સ્પષ્ટપણે પ્રચંડ હતું. સાઠ ફૂટ ઊંચા એ મોજા હેઠળ ચિઆન્કા કેવો દેખાય છે તે ફોટામાં જુઓ તો તમને એ મોજાની ભયાનકતા સમજાશે. આ સ્પર્ધાને ગતિમાન થવામાં થોડો સમય લાગ્યો અને, જેમ મોટા મોજાની દુનિયામાં ઘણીવાર થાય છે, તેમ બધું યોજના મુજબ થયું નહીં. પહેલા તો ગાઢ ધુમ્મસના કારણે સ્પર્ધા શરૂ થવામાં વિલંબ થયો અને ઇવેન્ટ ચાલુ હતી ત્યારે વીજળી ગુલ થવાને કારણે સ્પર્ધા વધુ વિલંબિત થઈ અને તે પછી કોમ્પિટિશન્સ ટીમે પ્રથમ રાઉન્ડ પછી બાકીની ઇવેન્ટ રદ કરવાનો નિર્ણય લીધો કારણ કે તેમને સાંજના ઝાંખા પ્રકાશમાં બીજો રાઉન્ડ ચલાવવાનું અસુરક્ષિત લાગ્યું હતું.



# પ્રદૂષણથી દિલ્હી બેહાલ : સીઝનનો સૌથી વધુ એક્યુઆઈ નોંધાયો

**દિલ્હીમાં** 461 એક્યુઆઇ સાથે હવાની ગુણવત્તા ગંભીર. પ્રદુષણ અને ઠંડીને કારણે ધુમ્મસની ચાદર છવાઇ

નવી દિલ્હી, તા. 14 (પીટીઆઈ) : કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અનુસાર, રાષ્ટ્રીય રાજધાનીમાં રવિવારે સીઝનનો સૌથી વધુ એક્યુઆઈ 461 નોંધાયો છે, જે એક દિવસ પહેલા 432 હતો. હવાની ગુણવત્તા 'ગંભીર' શ્રેણીમાં રહી છે. કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (સીપીસીબી) મુજબ, શૂન્ય અને 50 વચ્ચેનો હવા ગુણવત્તા સૂચકાંક (એક્યુઆઈ) 'સારો', 51 અને 100 'સંતોષકારક', 101 અને 200 'મધ્યમ', 201 અને 300 'ખરાબ', 301 અને 400 'ખૂબ જ ખરાબ' અને 401 અને 500 'ગંભીર' ગણવામાં આવે છે. પ્રતિકૂળ હવામાન પરિસ્થિતિઓ વચ્ચે પ્રદૂષણનું સ્તર ઝડપથી વધ્યા બાદ કમિશન ફોર એર ક્વોલિટી મેનેજમેન્ટ (સીએક્યુએમ) એ શનિવારે તેની વાયુ પ્રદૂષણ નિયંત્રણ યોજના, ગ્રેડેડ રિસ્પોન્સ એક્શન પ્લાન (ગ્રેપ) હેઠળ કડક પગલાં (સ્ટેજ IV) લાગુ કર્યા, જેમાં દિલ્હી-એનસીઆરમાં તમામ બાંધકામ અને તોડફોડની પ્રવૃત્તિઓ પર પ્રતિબંધનો સમાવેશ થાય છે. ગ્રેપ પરની પેટા-સમિતિએ શનિવારે વહેલી સવારે સમગ્ર એનસીઆરમાં ગ્રેપના સ્ટેજ III લાગુ કરવાનો નિર્ણય લીધો છે. કારણ કે, હવાની ગુણવત્તા સતત બગડતી રહી છે. હવામાન મોરચે રવિવારે લઘુત્તમ તાપમાન 8.2 ડિગ્રી સેલ્સિયસ પર સ્થિર થયું, જે મોસમના સરેરાશ કરતાં 0.4 ડિગ્રી ઓછું હતું અને મહત્તમ તાપમાન 24 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.



» કેન્ટની સૌથી મોટી સાન્ટા દોડમાં 1100થી વધુ સ્પર્ધકો ભાગ લીધો હતો. સાન્ટા ઓન ધ રન દર વર્ષે 14 ડિસેમ્બરના દિવસે યુકેના કેન્ટ સ્થિત હર્ન બે દરિયા કિનારા પર પિલગ્રીમ્સ હોસ્પાઇસ માટે એક કૌટુંબિક મનોરંજક દોડ અને ભંડોળ ઊભું કરવાનો કાર્યક્રમ છે. જેમાં ત્રણ, પાંચ અને 10 કિમીનો રૂટ હોય છે અને લોકો પોતાની પસંદગીના રૂટ પર ક્યાં તો દોડે છે અથવા તો ઝડપી ચાલ ચાલે છે.

# હોંગકોંગની સૌથી મોટી લોકશાહી સમર્થક પાર્ટીના વિસર્જનનું મતદાન

**30** વર્ષથી વધુની સક્રિયતા બાદ ડેમોક્રેટિક પાર્ટીએ પોતાના જ વિસર્જન માટે કરેલા મતદાનથી એક યુગનો અંત

હોંગકોંગ, તા. 14 (એપી) : હોંગકોંગની સૌથી મોટી લોકશાહી સમર્થક પાર્ટીએ રવિવારે 30 વર્ષથી વધુની સક્રિયતા પછી ખુદના વિસર્જન માટે મતદાન કર્યું હતું, જે ચીની અર્ધ-સ્વાયત્ત શહેરના એક સમયે વૈવિધ્યસભર રાજકીય પરિદૃશ્યના યુગનો અંત દર્શાવે છે.

ડેમોક્રેટિક પાર્ટીના અધ્યક્ષ લો કિન-હેઈએ કહ્યું હતું કે, રાજકીય વાતાવરણ તેમના ધ્યાનમાં લેવાયેલા પરિબળોમાં 'એક મહત્ત્વપૂર્ણ મુદ્દો' હતો, જેના પર તેમણે વિચાર કર્યો અને લગભગ 97% સભ્યોના મતદાન તેના લિક્વિડેશનના સમર્થનમાં હતા.

લો કિન-હેઈએ કહ્યું હતું કે, તે તેના સભ્યો માટે આગળ વધવાનો એક શ્રેષ્ઠ માર્ગ છે.

લો કિન-હેઈએ જણાવ્યું કે, ''તેમ છતાં જેમ સમય બદલાઈ ગયો છે, આપણે હવે ઊંડા દુઃખ સાથે આ પ્રકરણનો અંત લાવવો જોઈએ.''

પાર્ટીના દિગ્ગજોએ અગાઉ ધ એસોસિએટેડ પ્રેસને જણાવ્યું હતું કે, કેટલાક સભ્યોને ચેતવણી આપવામાં આવી હતી કે, જો પાર્ટી બંધ ન થઈ તો તેના પરિણામ ભોગવવા પડશે.

ચીને જૂન ૨૦૨૦માં થયેલા મોટા સરકાર વિરોધી વિરોધ પ્રદર્શનો બાદ એક રાષ્ટ્રીય સુરક્ષા કાયદો લાગુ કર્યો હતો, જેમાં કહ્યું હતું કે તે શહેરની સ્થિરતા માટે જરૂરી છે. આ કાયદા હેઠળ, ડેમોક્રેટિક પાર્ટીના ભૂતપૂર્વ અધ્યક્ષો આલ્બર્ટ હો અને વુ ચી-વાઈ અને અન્ય ભૂતપૂર્વ કાયદા નિર્માતાઓ સહિત ઘણા અગ્રણી કાર્યકરોની ધરપકડ કરવામાં આવી હતી.




# ભાજપના ડીએનએમાં જ ચોરી છે, તેના નેતાઓ ગદ્દાર : દિલ્હી રેલીમાં કોંગ્રેસ

**દિલ્હીના** પ્રસિદ્ધ રામલીલા મેદાન પર 'વોટ ચોર ગદ્દી છોડ' મેગા રેલી યોજાઇ

**રેલીને** રાહુલ, ખડગે, પ્રિયંકાએ સંબોધન કર્યું: સોનિયા ગાંધી સહિત પક્ષના વરિષ્ઠ નેતાઓ હાજર

**મેગા** રેલીમાં દેશભરમાંથી આવેલા કોંગ્રેસ કાર્યકરોની વિશાળ હાજરી

નવી દિલ્હી, તા. 14(પીટીઆઈ): કથિત ચૂંટણી ગેરરીતિઓના મુદ્દા પર પ્રચારને વેગ આપતા, કોંગ્રેસના ટોચના નેતાઓએ રવિવારે રાષ્ટ્રીય રાજધાનીમાં એક રેલીમાં ભાજપ અને ચૂંટણી કમિશનરો પર પ્રહારો કર્યા, અને આરોપ લગાવ્યો કે વોટ ચોરી શાસક પક્ષના ડીએનએમાં છે અને તેના નેતાઓ ગદ્દાર છે જે લોકોના મતદાન અધિકાર છીનવી લેવાનું કાવતરું ઘડી રહ્યા છે અને તેમને સત્તા પરથી દૂર કરવા જોઈએ.

બિહારમાં હાર બાદ કોંગ્રેસે આ મુદ્દા પર જનસમર્થન મેળવવાના પ્રયાસ સમાન રામલીલા મેદાનમાં યોજાયેલ 'વોટ ચોર ગદ્દી છોડ' મેગા રેલીને સંબોધતા, રાહુલ ગાંધીએ મહાત્મા ગાંધી દ્વારા બતાવેલા સત્ય અને અહિંસાના માર્ગને અનુસરીને નરેન્દ્ર મોદી-આરએસએસ સરકારને ઉથલાવી પાડવાની પ્રતિજ્ઞા લીધી. આ લડાઈ 'સત્ય' અને 'અસત્ય' વચ્ચે છે. અમે 'સત્ય' પાછળ ઊભા રહીશું અને નરેન્દ્ર મોદી, અમિત શાહ અને આરએસએસ સરકારને દેશમાંથી દૂર કરીશું. તેમની પાસે 'સત્તા' છે અને તેઓ 'વોટ ચોરી'માં વ્યસ્ત છે એમ તેમણે કહ્યું હતું. કોંગ્રેસ વડા મલ્લિકાર્જુન ખડગેએ આરોપ લગાવ્યો હતો કે ભાજપનું નેતૃત્વ ગદ્દાર છે કારણ કે તેઓ મત ચોરીમાં સંડોવાયેલા છે અને બંધારણ અને દેશને બચાવવા માટે તેમને દૂર કરવા જોઈએ. કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધી વાડ્રાએ પણ ભાજપને બેલેટ પેપર વોટિંગ દ્વારા નિષ્પક્ષ ચૂંટણી જીતવા માટે પડકાર ફેંક્યો હતો અને ભારપૂર્વક જણાવ્યું હતું કે ચૂંટણી કમિશનરોએ દેશને જવાબ આપવો પડશે કે તેઓ લોકોના મતદાન અધિકારો છીનવી લેવા માટે કેવી રીતે કાવતરું ઘડ્યું અને ચૂંટણી પ્રક્રિયાના દરેક પગલાને શંકાસ્પદ બનાવ્યું.

ભારતભરમાંથી કોંગ્રેસ કાર્યકરોની મોટી સંખ્યામાં હાજરી 'મત ચોરી' વિરુદ્ધ પાર્ટીની મેગા રેલીમાં જોવા મળી હતી જ્યારે કે સ્થળ પર 'મત ચોરી, ગદ્દી છોડ' ના નારા ગુંજી ઉઠ્યા હતા. પાર્ટીએ દાવો કર્યો હતો કે તેણે મત ચોરી વિરુદ્ધ લગભગ છ કરોડ સહીઓ એકત્રિત કરી છે અને તે ભારતના રાષ્ટ્રપતિને રજૂ કરશે. કોંગ્રેસ સંસદીય પક્ષના અધ્યક્ષ સોનિયા ગાંધી, કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ અને કર્ણાટક, તેલંગાણા અને હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રીઓ - સિદ્ધારમૈયા, રેવંત રેડ્ડી અને સુખવિંદર સિંહ સુખુ - આ રેલીમાં હાજર હતા.

## મહારાષ્ટ્રનું એક એનજીઓ ઉત્તર પ્રદેશમાં અમિતાભ બચ્ચનના પૈતૃક ગામનો વિકાસ કરશે

નવી દિલ્હી, તા. ૧૪ (પીટીઆઈ) : ફિલ્મસ્ટાર અમિતાભ બચ્ચનના ઉત્તર પ્રદેશના પ્રતાપગઢ જિલ્લામાં આવેલા પૈતૃક ગામ બાબુ પટ્ટીનો નવો ચહેરો બનવા માટે તૈયાર છે. મહારાષ્ટ્ર સ્થિત એક એનજીઓએ ત્યાં અનેક વિકાસ પ્રોજેક્ટ્સનું આયોજન કર્યું છે. મહારાષ્ટ્ર સ્થિત એક એનજીઓ હરિવંશ રાય બચ્ચન પ્રબોધન પ્રતિષ્ઠાનએ આ પ્રોજેક્ટ માટે રૂ. ૧ કરોડનું દાન આપવાનું વચન આપ્યું છે, જેને ઉત્તર પ્રદેશ સરકારે તેની માતૃભૂમિ યોજના હેઠળ મંજૂરી આપી છે. એનજીઓના પ્રમુખ નિવૃત્તિ યાદવે જણાવ્યું હતું કે, અમે ગામમાં પ્રવેશદ્વાર, કોંક્રીટ રસ્તાઓ, સૌર ઊર્જાથી ચાલતી સ્ટ્રીટ લાઇટ્સ, સ્વચ્છ પીવાના પાણીની વ્યવસ્થા, સ્વચ્છતા બ્લોક્સ અને જાહેર ઉદ્યાનો બનાવવાની યોજના બનાવી રહ્યા છીએ. યાદવ ગામમાં એક એમ્બ્યુલન્સ સુવિધા અને હરિવંશ રાય બચ્ચનના નામ પર એક ચોક બનાવવાની પણ યોજના ધરાવે છે.

# કર્ણાટકના માજી ધારાસભ્યએ ઉડતા વિમાને અમેરિકન મુસાફરનો જીવ બચાવ્યો



**દિલ્હી** રેલીમાં જતાં અંજલિ નિમ્બાલકર વ્યવસાયે ડોક્ટર હોવાના નાતે તબીબી કટોકટીનો સામનો કરનારી મહિલા મુસાફરની વહારે આવ્યા

બેંગલુરુ, તા. 14 (પીટીઆઈ) : કર્ણાટકના માજી ધારાસભ્ય અંજલિ નિમ્બાલકર, જેઓ વ્યવસાયે ડૉક્ટર છે, તેમણે ગોવા-નવી દિલ્હી ફ્લાઈટ દરમિયાન આકાશમાં તબીબી કટોકટીનો સામનો કરી રહેલી એક અમેરિકન મહિલા મુસાફરનો જીવ બચાવ્યો છે. એમ સત્તાવાર સૂત્રોએ રવિવારે જણાવ્યું હતું.

સૂત્રોએ જણાવ્યું હતું કે, આ ઘટના ત્યારે બની જ્યારે ગોવા, દમણ અને દીવ, દાદરા નગર હવેલીના એઆઈસીસી સચિવ સહ-પ્રભારી નિમ્બાલકર રવિવારે રામલીલા મેદાનમાં કોંગ્રેસ દ્વારા આયોજિત 'વોટ ચોરી' રેલીમાં હાજરી આપવા માટે દિલ્હી જઈ રહ્યા હતા.

સૂત્રોએ કહ્યું હતું કે, નિમ્બાલકરે કાર્ડિયોપલ્મોનરી રિસુસિટેશન (સીપીઆર) કર્યું અને સહ-મુસાફરને પુનર્જીવિત કરી, જેણે અસ્વસ્થતા અને ધ્રુજારીની ફરિયાદ કરી હતી, બેહોશ થઈ ગઈ હતી અને તેની નાડી બંધ થઈ ગઈ હતી.

રિપોર્ટમાં જણાવાયું છે કે, નિમ્બાલકર ફ્લાઇટના સમગ્ર સમયગાળા દરમિયાન દર્દીની બાજુમાં રહી સતત તેણીની તબીબી જરૂરિયાતો પર ધ્યાન આપતા હતા અને તેને દિલાસો આપતા હતા. દિલ્હી ઉતરાણ પછી તરત જ બીમાર વિદેશી મુસાફરને એમ્બ્યુલન્સ દ્વારા હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી. સૂત્રોએ જણાવ્યું હતું કે, નિમ્બાલકરની સમયસર કાર્યવાહીને મુસાફરો અને ક્રૂ સભ્યો દ્વારા પ્રશંસા મળી હતી.

# અમેરિકાની બ્રાઉન યુનિવર્સિટીના કેમ્પસમાં ગોળીબાર: બેનાં મોત

**ફાઇનલ** પરીક્ષાના ટાણે જ બંદૂકબાજે ગોળીઓ છોડી, નવને ઇજા

**એક** શકમંદ પકડાયો, હુમલાનો હેતુ જાણવા મળ્યો નથી

પ્રોવિડેન્સ, તા. ૧૪: અમેરિકાના રહોડ આઈલેન્ડમાં આવેલ બ્રાઉન યુનિવર્સિટીના કેમ્પસમાં એક બંદૂકધારી શખ્સે આડેધડ ગોળીબાર કરતા બે જણા માર્યા ગયા હતા તથા અન્ય નવને ઈજા થઈ હતી.

સ્થાનિક સમય પ્રમાણે શનિવારે બપોરે રહોડ આઈલેન્ડના પ્રોવિડન્સમાં આઈવી લીગ સ્કૂલના એન્જિનિયરિંગ બિલ્ડિંગમાં ફાઈનલ પરીક્ષા દરમિયાન ગોળીબાર થયો હતો. સેંકડો પોલીસ અધિકારીઓએ બ્રાઉન યુનિવર્સિટી કેમ્પસ અને નજીકના વિસ્તારોની તપાસ કરી હતી અને વર્ગખંડમાં ગોળીબાર કરનાર શૂટરને શોધી કાઢવા માટે વીડિયો તપાસ્યો હતો. એક કાયદા અમલીકરણ અધિકારીના જણાવ્યા અનુસાર, હેન્ડગનથી સજ્જ, શૂટરે 40 થી વધુ રાઉન્ડ 9mmની ગોળીઓ છોડી હતી. રવિવાર સવાર સુધી અધિકારીઓએ બંદૂક મળી ન હતી પરંતુ બે લોડેડ 30-રાઉન્ડ મેગેઝિન મળી આવ્યા હતા, એમ અધિકારીએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું. ગોળીબાર કરનારની શોધખોળ ચાલતી હોવાને કારણે કેમ્પસની કામગીરી ઠપ થઇ ગઇ હતી. સામાન્ય રીતે સપ્તાહના અંતે પ્રવૃત્તિઓથી ધમધમતી શેરીઓ આ બનાવ પછી ભયાનક રીતે શાંત હતી. ખાસ પોશાકમાં સજ્જ અધિકારીઓ તે વિસ્તારમાં જોવા મળ્યા હતા.

દરમ્યાન, એક શકમંદ અટકાયતમાં લેવાયો હોવાનું પોલીસે જણાવ્યું છે. પ્રોવિડન્સ પોલીસના વડા કર્નલ ઓસ્કાર પેરેઝે એક પત્રકાર પરિષદમાં પુષ્ટિ આપી હતી કે અટકાયત કરાયેલ વ્યક્તિ 30 વર્ષની આસપાસ છે અને અધિકારીઓ હાલમાં બીજા કોઈની શોધ કરી રહ્યા નથી.

# દ. આફ્રિકામાં મંદિર ધરાશાયી થતાં ભારતીય મૂળની વ્યક્તિ સહિત ચારના મોત

**નિર્માણાધીન** ચાર માળનું હિન્દુ મંદિરનું કામ ચાલુ હતું ત્યારે એક ભાગ તૂટી પડ્યો, કેટલાક કામદારો કાટમાળ હેઠળ ફસાયા



જોહાનિસબર્ગ, તા. 14 (પીટીઆઈ) : દક્ષિણ આફ્રિકાના ક્વાઝુલુ-નતાલ પ્રાંતમાં નિર્માણાધીન ચાર માળનું હિન્દુ મંદિર ધરાશાયી થતાં 52 વર્ષીય ભારતીય મૂળની વ્યક્તિ સહિત ચાર લોકોનાં મોત થયાં છે. એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

ઈથેક્વિની (અગાઉ ડર્બન)ના ઉત્તરમાં રેડક્લિફમાં એક ઢાળવાળી ટેકરી પર સ્થિત ન્યૂ અહોબિલમ ટેમ્પલ ઓફ પ્રોટેક્શનનું વિસ્તરણ કરવામાં આવી રહ્યું હતું. દરમિયાન શુક્રવારે કામદારો સ્થળ પર કામ કરી રહ્યા હતા ત્યારે ઈમારતનો એક ભાગ તૂટી પડ્યો હતો.

કાટમાળ નીચે ફસાયેલા કામદારો અને મંદિરના અધિકારીઓની ચોક્કસ સંખ્યા જાણવા મળી નથી.

શુક્રવારે બે લોકો, એક કામદાર અને એક ભક્તના મૃત્યુની પુષ્ટિ થઈ હતી, પરંતુ બચાવ ટીમોએ વધુ મૃતદેહો મેળવ્યા બાદ શનિવારે મૃત્યુઆંક ચાર થઈ ગયો છે.

સ્થાનિક મીડિયાએ અધિકારીઓને ટાંકીને અહેવાલ આપ્યો છે કે, ચાર મૃતકોમાંથી એકની ઓળખ વિક્કી જયરાજ પાંડે તરીકે થઈ છે, જે મંદિર ટ્રસ્ટના એક્ઝિક્યુટિવ સભ્ય અને બાંધકામ પ્રોજેક્ટના મેનેજર હતા.

અહેવાલોમાં જણાવાયું છે કે, પાંડે લગભગ બે વર્ષ પહેલા મંદિરની સ્થાપનાથી જ તેના વિકાસમાં ઊંડાણપૂર્વક સંકળાયેલા હતા.

મંદિર સાથે સંકળાયેલી ચેરિટી ફૂડ ફોર લવના ડિરેક્ટર સનવીર મહારાજે પણ પુષ્ટિ કરી હતી કે, મૃત્યુ પામેલા લોકોમાં પાંડેનો પણ સમાવેશ થાય છે.